| કુલ ગુણ | 200 |
|---|---|

# ASSISTANT EDUCATION INSPECTOR

## (Special Competition Examination for Promotion) –2025

**પરીક્ષાની તારીખ : ૨/૨/૨૦૨૫**

**પરીક્ષાનો સમય : બપોરે ૧૨:૦૦ થી ૧૪:૦૦**

કેટેગરી **A**

SEAL SEAL SEAL SEAL SEAL SEAL
**AEI SET-A**
SEAL SEAL SEAL SEAL SEAL SEAL

પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક

પરીક્ષાનો બ્લોક નંબર

પરીક્ષાર્થીની સહી

બ્લોક સુપરવાઇઝરની સહી

| પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ | |
|---|---|
| (1) | તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્ન પુસ્તિકા ખોલવી નહીં |
| (2) | મોબાઇલ ફોન, કેલક્યુલેટર, સ્માર્ટ વોચ, પેજર, સ્પાય કેમેરા, હેડ ફોન કે અન્ય વીજાણું ઉપકરણો હોવાનુ જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે. |
| (3) | ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઇઝરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે. |
| (4) | પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન પરીક્ષાર્થીએ પરીક્ષા ખંડ છોડવાની મનાઇ છે. |
| (5) | પ્રશ્નપત્ર મળે કે તરત જ ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવો. |
| (6) | ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિશ્ચિત જગ્યા સિવાય પરીક્ષાર્થીએ પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખ્ત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે. |
| (7) | ઉત્તરપત્ર **(OMR SHEET)** ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા સુપરવાઇઝર બંનેની સહી ફરજીયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર **(OMR SHEET)** નું મુલ્યાંકન થશે નહીં. જેથી ઉમેદવારે સુપરવાઇઝરશ્રીની સહી અવશ્ય મેળવી લેવી. |
| (8) | પરીક્ષાર્થીએ બ્લ્યુ/બ્લેક બોલપોઇન્ટ પેનનો ઉપયોગ કરી શકાશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં. |
| (9) | પ્રશ્નપત્રની પુસ્તિકામાં કે પ્રશ્નના જવાબ આગળ કોઇપણ પ્રકારની નિશાની કરવી નહી. |
| (10) | <u>આ કસોટી પત્રમાં કુલ -200 પ્રશ્નો છે</u>. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.<br>ઉદાહરણ તરીકે : ગુજરાતનું પાટનગર કયું છે ?<br>(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડનગર (D) પાટણ<br>અહીં જવાબ (B) ગાંધીનગર જવાબ સાચો હોય, **OMR SHEET** માં વિકલ્પ (B) નું વર્તુળ ઘુંટવાનું (Encode) કરવાનું થાય.<br>Ⓐ ● Ⓒ Ⓓ |
| (11) | પ્રત્યેક સાચા જવાબદીઠ 1 (એક) ગુણ મળવાપત્ર થશે. માઇનસ માર્કીંગ સિસ્ટમ નથી. **(NO NEGATIVE MARKING SYSTEM)** |
| (12) | છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબ તથા બ્લેડ કે રબ્બર કે વાઇટનર (સફેદ શાહી) નો ઉપયોગ કરી બદલાવેલ જવાબ માટેના ગુણ મળવાપાત્ર નથી. |
| (13) | પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર **(OMR SHEET)** બ્લોક સુપરવાઇઝરને પરત કર્યા બાદ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્ત ભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. |
| (14) | આ પરીક્ષા માટેનો સમય ૧૨૦ મિનિટનો છે. |

# રફ કામ માટેનું પેઈજ

(1) વર્ષ : 2011 મુજબ ભારતની કુલ વસ્તીની ટકાવારીમાં ગુજરાતની વસ્તી કેટલા ટકા છે ?

(A) 4.99 % (B) 5.11 %

(C) 6.7 % (D) 7.9 %

(2) ઈ.સ. 1857 ના સંગ્રામમાં ગુજરાતમાં વિદ્રોહનું નેતૃત્વ કોણે કર્યું હતું ?

(A) જોધા માણેક, મૂળુ માણેક દ્વારકાના

(B) આણંદના ગરબડદાસ મુખીએ

(C) મહિસાગર જિલ્લાના પાંડરવાડાના આદિવાસી ભાઈઓએ

(D) અમદાવાદ, પાટણ, વિજાપુર, ખેરાલુની જનતા

(3) ચિત્ર - વિચિત્રનો મેળો ક્યાં યોજાય છે ?

(A) જૂનાગઢ (B) સુરેન્દ્રનગર

(C) સાબરકાંઠા (D) બનાસકાંઠા

(4) લોથલ કઈ નદીને કિનારે આવેલ છે ?

(A) સાબરમતી (B) રૂપેણ

(C) ભોગાવો (D) ભાદર

(5) રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયાના હાલ ગવર્નર કોણ છે ?

(A) શ્રી સંજય મલ્હોત્રા (B) શ્રી શક્તિકાંત દાસ

(C) શ્રી ડી. સુબ્બારાવ (D) શ્રી ઉર્જિત પટેલ

(6) મારો નાનો ભાઈ 1 વર્ષનો થયો ત્યારે મારી ઉંમર તેની ઉંમર કરતાં સાત ગણો હતો. જ્યારે મારી ઉંમર તેની ઉંમર કરતાં બમણી થાય ત્યારે તેની ઉંમર કેટલી હશે ?

(A) 5 (B) 7

(C) 6 (D) 8

(7) ગુજરાતમાં ખેડૂતો માટે દિવસે વીજળીપૂરવઠો પૂરો પાડવા માટે રાજ્ય સરકાર દ્વારા કઈ યોજના શરૂ કરવામાં આવેલ છે ?

(A) કિસાન સમૃદ્ધિ યોજના

(B) કિસાન અંત્યોદય યોજના

(C) કિસાન સોલાર યોજના

(D) કિસાન સૂર્યોદય યોજના

(8) એક સાંકેતિક ભાષામાં ''AGRICULTURE નો સંકેત 'GTWVNWEKTIC' છે. તો 'PRODUCTION' નો સંકેત કયો થશે ?

(A) PPKVDWAMZR
(B) PRKUEWEQTR
(C) PQKVEWFQTR
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહિ

(9) નીચે આપેલ શ્રેણીમાં બંધ બેસતી ન હોય તેવી સંખ્યા કઈ ?

9, 64, 25, 214, 49, 512

(A) 25
(B) 512
(C) 214
(D) 49

(10) માત્ર ભારતીય નાગરિક જ આ મૂળભૂત અધિકાર ધરાવે છે.

(A) કાયદા સમક્ષ સમાનતાનો અધિકાર
(B) જાહેર રોજગારની બાબતમાં સમાન તકનો અધિકાર
(C) જીવન તથા વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર
(D) ઉપરમાંથી એક પણ નહિ

(11) મૂળભૂત અધિકારો પરનાં નિયંત્રણોના વ્યાજબીપણા અંગે અંતિમ સત્તા કોની પાસે છે ?

(A) વડાપ્રધાન
(B) રાષ્ટ્રપતિ
(C) સંસદ
(D) સર્વોચ્ચ ન્યાયાલય

(12) પીવાના પાણીનું PH મૂલ્ય કેટલું હોવું જોઈએ ?

(A) 6.5 થી 8.5
(B) 5.5 થી 7.5
(C) 7.5 થી 9.5
(D) 4.5 થી 6.5

(13) પ્રથમ જ્ઞાનપીઠ એવૉર્ડ કયા ગુજરાતી સાહિત્યકારને મળ્યો હતો ?

(A) રઘુવીર ચૌધરી
(B) રાજેન્દ્ર શાહ
(C) પન્નાલાલ પટેલ
(D) ઉમાશંકર જોષી

(14) 'સંગીત રત્નાકર' ગ્રંથની રચના કોણે કરેલી હતી ?

(A) પંડિત નારદ
(B) પંડિત સારંગદેવ
(C) પંડિત અહોબલે
(D) તાનસેન

(15) ગુજરાતમાં કઈ જગ્યાએ ભરતી શક્તિ (tidal energy) નો આરંભ કરવામાં આવેલ છે ?

(A) સોમનાથ
(B) દ્વારકા
(C) ખંભાત
(D) સુરત

(16) પ્રકાશિત થતાં પહેલા પ્રતિબંધિત થનાર વિશ્વનું પહેલું પુસ્તક કયું હતું ?

(A) "1857 : પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ"
(B) "1907 : ભારતીય પ્રથમ તિરંગો"
(C) "1913 : માનગઢ હત્યાંકાંડ"
(D) "1922 : દઢવાવ આદિવાસી આંદોલન"

(17) કયા વર્ષે ગોવા, દિવ અને દમણનું ભારતમાં વિલીનીકરણ કરવામાં આવ્યું ?

(A) 1950
(B) 1955
(C) 1960
(D) 1961

(18) BUS = 4441361, TOP = 400225256

ANT = 1196400 તો FAN = ..........................

(A) 361196
(B) 136196
(C) 196136
(D) 119636

(19) એક સ્ત્રીએ બીજી સ્ત્રી તરફ ઈશારો કરી કહ્યું, એ મારા સસરાના, સસરાની છોકરીની છોકરી છે તો બંને સ્ત્રી વચ્ચેનો સંબંધ શું હશે ?

(A) સાસું - વહું
(B) જેઠાણી - દેરાણી
(C) નણંદ - ભાભી
(D) માસી - ભાણી

(20) એક બહુમાળી મકાનમાં જય ઉપરથી નવમાં માળે રહે છે જ્યારે વિજય જમીનથી સાતમા માળે રહે છે જો બન્ને પોતાના ફ્લેટ પરસ્પર બદલે તો જય ઉપરથી પંદરમા માળે આવી જાય છે તો આ બહુમાળી મકાનમાં કેટલા માળ છે ?

(A) 15
(B) 20
(C) 21
(D) 22

(21) વિમલ પોતાના ઘરેથી દક્ષિણ દિશામાં 3 કિ.મી. ચાલ્યા પછી ડાબી બાજુ 4 કિ.મી. ચાલે છે. ત્યાંથી ડાબી બાજુ વળીને ફરીથી 10 કિ.મી. ચાલે છે. ત્યાર પછી જમણી બાજુ વળીને 4 કિ.મી. ચાલે છે અને ત્યાર પછી જમણી બાજુ વળીને 7 કિ.મી. ચાલે છે. હવે વિમલ પોતાના ઘરેથી કઈ દિશામાં કેટલા કિ.મી. દૂર હશે ?

(A) પશ્ચિમમાં 8 કિ.મી.
(B) પૂર્વમાં 8 કિ.મી.
(C) પશ્ચિમમાં 7 કિ.મી.
(D) પૂર્વમાં 7 કિ.મી.

(22) જો A નો અર્થ '+', B નો અર્થ '–', C નો અર્થ '×' અને D નો અર્થ '÷' હોય તો નીચેનામાંથી કયું સમીકરણ સાચું છે ?

(A) A 8 B 6 D 2 A 4 C 3 = 15
(B) 9 C 9 B 9 D 9 A 9 = 17
(C) 8 A 8 B 8 C 8 = – 48
(D) 3 A 3 B 3 C 3 A 3 D 3 = 41

(23) નીચેના લંબચોરસમાં Δ ની જગ્યાએ કઈ સંખ્યા આવશે ?

| | | |
|---|---|---|
| 1 | 3 | 7 |
| 5 | 12 | 14 |
| 25 | Δ | 28 |
| 125 | 192 | 56 |

(A) 40 (B) 48 (C) 56 (D) 54

(24) P, Q, R અને S એ ચાર ક્રમાનુસાર મહિના છે. જેમાં P અને S ના 30 દિવસ છે તો S કયો મહિનો છે ?

(A) એપ્રિલ (B) જૂન

(C) સપ્ટેમ્બર (D) નવેમ્બર

(25) દહીમાં કયો એસિડ રહેલો હોય છે ?

(A) લેક્ટિક (B) એસિટિક

(C) ફોર્મિક (D) પ્રૉપેનોઇડ

(26) કયા ઉષ્ણતામાન પર ફેરનહીટ અને સેલ્સિયસ માપ બંને એક સરખા વંચાય છે ?

(A) – 60 (B) – 40

(C) 32 (D) 0

(27) નીચેનામાંથી કયું વેબ બ્રાઉઝર નથી ?

(A) નેસ્કેપ નેવિગેટર (B) ઓપેરા

(C) વિનિપેગ (D) સફારી

(28) 'PARAKH RASHTRIYA SURVEKSHAN' (NAS) 2024 નું સમગ્ર સંચાલન કોને સોંપવામાં આવેલ હતું ?

(A) NCTE (B) CBSE

(C) ICSE (D) GSEB

(29) ICC પુરુષ T-20 ફાઈનલ મેચમાં 'મેન ઑફ ધ મેચ' કોણ હતું ?

(A) રોહિત શર્મા (B) જશપ્રિત બુમરાહ

(C) અક્ષર પટેલ (D) વિરાટ કોહલી

(30) આંતરરાષ્ટ્રિય યોગ દિવસ - 2024 નું વિષયવસ્તુ (Theme) શું હતું ?

(A) Yoga for health
(B) Yoga for Peace
(C) Yoga for global unity
(D) Yoga for self & society

(31) 'માનવ અધિકાર દિન' ક્યારે ઉજવવામાં આવે છે ?

(A) 7 ડિસેમ્બર
(B) 10 ડિસેમ્બર
(C) 14 ડિસેમ્બર
(D) 18 ડિસેમ્બર

(32) ડૉ. બાબાસાહેબ આંબેડકરે કયા હકને બંધારણના આત્મા સમાન કહ્યો છે ?

(A) સ્વતંત્રતાનો હક
(B) ધાર્મિક સ્વતંત્રતાનો હક
(C) સાંસ્કૃતિક અને શૈક્ષણિક હક
(D) બંધારણીય ઈલાજનો હક

(33) બાળમજૂરી પર પ્રતિબંધની બાબત ભારતના બંધારણમાં કઈ કલમમાં છે ?

(A) કલમ - 41
(B) કલમ - 42
(C) કલમ - 24
(D) કલમ 51 - એ

(34) કાળિયાર નેશનલ પાર્ક ગુજરાતના કયા જિલ્લાંમાં આવેલ છે ?

(A) ભાવનગર
(B) અમરેલી
(C) જૂનાગઢ
(D) જામનગર

(35) બેન્ઝિનનું સૂત્ર કયું છે ?

(A) $C_3H_8$
(B) $C_6H_6$
(C) $C_6H_{12}$
(D) $C_4H_{10}$

(36) ગુરુદૃષ્ટિની ખામી ધરાવતી વ્યક્તિની ખામીનું નિવારણ કયા લેન્સથી થઈ શકે છે ?

(A) બહિર્ગોળ લેન્સ
(B) અંતર્ગોળ લેન્સ
(C) બહિર્ગોળ અરીસો
(D) અંતર્ગોળ અરીસો

(37) કેટલા ડેસિબલથી વધારે પ્રબળ ધ્વનિ શારીરિક રીતે કષ્ટદાયક હોય છે ?

(A) 100 dB
(B) 80 dB
(C) 70 dB
(D) 60 dB

(38) કયો વાયું ઉત્તમ અગ્નિશામક છે ?

(A) ઑક્સિજન
(B) કાર્બન ડાયોક્સાઈડ
(C) મિથેન
(D) બ્યૂટેન

(39) એક શાળામાં ત્રણ વર્ગખંડ છે. જેમાં અનુક્રમે 40, 50 અને 60 વિદ્યાર્થીઓ છે. આ વર્ગખંડમાં પાસ થવાની ટકાવારી અનુક્રમે 10, 20 અને 10 ટકા છે. તો શાળાની પાસ થવાની ટકાવારી શોધો ?

(A) 15 (B) 12.5

(C) 12 (D) $13\ ^1/_3$

(40) ત્રણ બાળકોની સરેરાશ ઉંમર 15 વર્ષ છે. જો તેમની ઉંમરનો ગુણોત્તર 3 : 5 : 7 હોય, તો સૌથી નાના બાળકની ઉંમર કેટલી હશે ?

(A) 21 વર્ષ (B) 15 વર્ષ

(C) 9 વર્ષ (D) 3 વર્ષ

(41) ભારતના બંધારણના કયા અનુચ્છેદમાં "પુરુષો અને સ્ત્રીઓ, બંનેને સરખા કામ માટે સરખો પગાર મળે" ની જોગવાઈનો ઉલ્લેખ છે ?

(A) અનુચ્છેદ - 39 (ક) (B) અનુચ્છેદ - 39 (ખ)

(C) અનુચ્છેદ - 39 (ગ) (D) અનુચ્છેદ - 39 (ઘ)

(42) ભારતમાં બંધારણના કયા અનુચ્છેદમાં દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં તેમ કરવાની મૂળભૂત ફરજનો ઉલ્લેખ છે ?

(A) અનુચ્છેદ - 51-ક (ક) (B) અનુચ્છેદ - 51-ક (ખ)

(C) અનુચ્છેદ - 51-ક (ગ) (D) અનુચ્છેદ - 51-ક (ઘ)

(43) તા. 04-01-2025 ના રોજ ખેલ મહાકુંભ 3.0 નો શુભારંભ કયા શહેરથી કરવામાં આવ્યો ?

(A) વડોદરા (B) સુરત

(C) અમદાવાદ (D) રાજકોટ

(44) અભ્યાસક્રમ સ્થાનિક જરૂરિયાતોને સાનુકૂલ થાય તેવો બનાવવા માટે કયા સત્તાધીશને જિલ્લા સ્કૂલ બૉર્ડ દ્વારા ભલામણ કરવામાં આવે છે ?

(A) જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન (B) નિયામક

(C) જિલ્લા વિકાસ અધિકારી (D) શિક્ષણ વિભાગ

(45) અધિકૃત નગરપાલિકાઓ દ્વારા નીમેલા વહીવટી અધિકારીના લાયકાતો, પગાર અને નોકરીની શરતો કયા સેકશનની જોગવાઈથી નિર્ધારીત કરવામાં આવે છે ?

(A) 20 (B) 21

(C) 24 (D) 22

(46) જિલ્લા પ્રાથમિક શિક્ષણ સ્ટાફ પસંદગી સમિતિ, ગુજરાત પંચાયત અધિનિયમ - 1961 ના કયા સેક્શન હેઠળ નીમવામાં આવેલ છે ?

(A) 210 (3)
(B) 211 (3)
(C) 209 (3)
(D) 208 (2)

(47) વહીવટી અધિકારીએ શાળાના સંચાલકને સૂચિત પગલાંની તેની મંજૂરી અથવા નામંજૂરીની લેખીત જાણ, દરખાસ્ત મળ્યેથી કેટલા દિવસોમાં કરવાની હોય છે ?

(A) 60
(B) 30
(C) 45
(D) 15

(48) સ્કૂલ બોર્ડને કયા પ્રકારના નિયમો ઘડવા નિયામકશ્રીની મંજૂરી મેળવવી જરૂરી છે ?

(A) પ્રાથમિક શિક્ષણ મેળવતા બાળકોને દૂધ, ભોજન અને કપડાં પૂરા પાડવા બાબત
(B) પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિની રકમમાં વધારો કરવા બાબત
(C) જિલ્લા સલાહકાર સમિતિની રચના કરવા બાબત
(D) ગામમાં પ્રાથમિક શાળા ખોલવા માટે સ્થળ નક્કી કરવા બાબત

(49) સ્કૂલ બોર્ડના મુખ્ય કારોબારી અધિકારી નીચેના પૈકી કોણ છે ?

(A) સ્કૂલ બોર્ડ પ્રમુખ
(B) જિલ્લા પંચાયત કારોબારીના પ્રમુખ
(C) વહીવટી અધિકારી
(D) જિલ્લા વિકાસ અધિકારી

(50) પોતાની નોકરીમાંથી બરતરફની શિક્ષા પામેલ બાંહેધરીવાળો પ્રાથમિક શિક્ષક તેની સામે કરાયેલ શિક્ષાના હુકમ સામે નીચેના પૈકી કઈ જગ્યાએ અપીલ કરી શકશે ?

(A) કલમ 24 (2) તળે નિમાયેલ ટ્રિબ્યુનલમાં
(B) રાજ્ય સરકારમાં
(C) હાઈકોર્ટમાં
(D) ઉપરના તમામ

(51) માન્ય પ્રાથમિક શાળાઓના વિષય, અભ્યાસક્રમ અને પુસ્તકો નક્કી કરવાની સત્તા રાજ્ય સરકારને મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ - 1947 ની કઈ કલમ હેઠળ મળે છે ?

(A) કલમ 48
(B) કલમ 40 (ખ)
(C) કલમ 38
(D) કલમ 40 (ગ) (2)

(52) મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ - 1947 ની કલમ 40 (ખ) (4) મુજબ ફરજ મોકૂફ કરાયેલ હોય તેવા શિક્ષકની જાણ સંચાલક મંડળે કેટલા દિવસમાં જે તે સ્કૂલના વહીવટી અધિકારીને કરવાની રહેશે ?

(A) દિવસ - 10
(B) દિવસ - 45
(C) દિવસ - 07
(D) દિવસ - 15

(53) મુંબઈ અધિનિયમ - 1947 મુજબ નીચેનામાંથી કયા પ્રકારનું કાર્ય જિલ્લા સ્કૂલ બૉર્ડ દ્વારા કરવામાં આવતું નથી ?

(A) પ્રાથમિક શાળાઓના શિક્ષકોની ભરતી કરવી.

(B) પ્રાથમિક શાળાનું ચોક્કસ સ્થળ નક્કી કરવું.

(C) શિક્ષકનો સમય, વૅકેશન નક્કી કરવું.

(D) વધારાની શાળાઓ ખોલવા સૂચનો આપવા

(54) મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ - 1947 મુજબ સ્કૂલ બૉર્ડ દ્વારા અધિનિયમની સત્તા બહારના ઠરાવ કે હુકમો કરેલ હોય તેની રદ કરવાની સત્તા કોને હોય છે ?

(A) સંયુક્ત સચિવશ્રીને
(B) ઉપસચિવશ્રીને
(C) શિક્ષણ સચિવશ્રીને
(D) નિયામકશ્રીને

(55) ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ - 1947 ની કઈ કલમ મુજબ બાળકોને માન્ય શાળામાં નહીં મોકલવા બદલ શિક્ષાની જોગવાઈ કરવામાં આવેલ છે ?

(A) કલમ - 37 (1)
(B) કલમ - 36 (1)
(C) કલમ - 35 (1)
(D) કલમ - 34 (1)

(56) કઈ કલમ મુજબ નિભાવવામાં આવતા સ્ટાફને બઢતી, બદલી, હોદ્દા પરથી દૂર અથવા બરતરફ શિસ્તનાં સઘળાં પગલાં લેવાની સત્તા રહેશે ?

(A) કલમ - 19
(B) કલમ - 18
(C) કલમ - 20
(D) કલમ - 18 - ક (1)

(57) પ્રાથમિક શાળાઓમાં વાર્ષિક પરીક્ષાઓ લેવાની વ્યવસ્થા કરવાની ફરજ કયા સત્તાધીશની છે ?

(A) મુખ્ય શિક્ષક
(B) શિક્ષક
(C) વહીવટી અધિકારી
(D) શિક્ષણ નિરીક્ષક

(58) શિક્ષણમાં પછાત હોય તેવા વિસ્તારોની મુલાકાત લઈ તે વિસ્તારોની શિક્ષણવિષયક પ્રગતિ માટેના સૂચનો કરવાની જવાબદારી કોની રહેશે ?

(A) વહીવટી અધિકારી
(B) ચેરમેન તાલુકા શિક્ષણ સમિતિ
(C) શિક્ષણનિરીક્ષક
(D) મુખ્ય શિક્ષક

(59) સ્કૂલ બોર્ડના વહીવટી અધિકારી મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમ - 1949 ના નિયમ 61 ક (5) મુજબ ગ્રાન્ટ ઇન એડની માન્યતા પાછી ખેંચવા કોને ભલામણ કરશે ?

(A) કમિશ્નરશ્રી શાળાઓ
(B) સ્કૂલ બોર્ડ
(C) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ
(D) શિક્ષણ વિભાગ

(60) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમ 1949 મુજબ બીટના મદદનીશ વહીવટી અધિકારી તેમણે સોંપવામાં આવેલી સત્તા મુજબ તાબાના મુખ્ય શિક્ષકની એક સાથે કેટલી પ્રાસંગિક રજા મંજૂર કરી શકશે ?

(A) 5
(B) 8
(C) 7
(D) 10

(61) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમ - 1949 મુજબ નીચેના પૈકી કોણ જે તે સ્કૂલ બોર્ડને ખાનગી પ્રાથમિક શાળાને માન્ય કરવાના અને ખાનગી પ્રાથમિક શાળાની માન્યતા પછી ખેંચી લેવા પોતાની ભલામણો મોકલશે ?

(A) વહીવટી અધિકારી
(B) મદદનીશ વહીવટી અધિકારી
(C) મદદનીશ શિક્ષણ નિરીક્ષક
(D) શિક્ષણ નિરીક્ષક

(62) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો - 1949 ના કયા નિયમ હેઠળ પ્રાથમિક શાળાના શિક્ષકોની ફરજો નક્કી કરવામાં આવેલ છે ?

(A) નિયમ - 72
(B) નિયમ - 71
(C) નિયમ - 70
(D) નિયમ - 69

(63) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો - 1949 મુજબ બાળકની જન્મ તારીખ બદલવાની સત્તા કોને છે ?

(A) સ્કૂલ બોર્ડના અધ્યક્ષને
(B) બીટ નિરીક્ષકને
(C) શાળાના આચાર્યને
(D) વહીવટી અધિકારીને

(64) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો - 1949 ના નિયમ 106 મુજબ ખાનગી શાળામાં દરેક વર્ગમાં વધુમાં વધુ કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાય ?

(A) 40
(B) 50
(C) 45
(D) 60

(65) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો - 1949 ના નિયમ - 75 મુજબ અપીલ અધિકારી કોણ હોય છે ?

(A) વહીવટી અધિકારી
(B) શિક્ષણ નિરીક્ષક
(C) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
(D) જિલ્લા શિક્ષણાધિકારી

(66) બાળકને નોકરીએ રાખનાર વ્યક્તિ સામે કાર્યવાહી પ્રાથમિક શિક્ષણ નિયમો - 1949 ના કયા નિયમ અંતર્ગત કરવામાં આવે છે ?

(A) નિયમ - 100
(B) નિયમ - 101
(C) નિયમ - 102
(D) નિયમ - 103

(67) મદદનીશ શિક્ષણ નિરીક્ષકે વાર્ષિક તપાસણી ઉપરાંત વાર્ષિક કેટલી વાર ઓચિંતી મુલાકાત તેના બીટમાંની દરેક માન્ય શાળાની લેવાની હોય છે ?

(A) સત્ર દીઠ એક વખત
(B) વાર્ષિક એક વખત
(C) માસિક એક વખત
(D) વાર્ષિક ત્રણ વખત

(68) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો - 1949 માં મદદનીશ શિક્ષણ નિરીક્ષકની સત્તા અને ફરજો કયા પ્રકરણમાં કરવામાં આવેલી છે ?

(A) પ્રકરણ - 5
(B) પ્રકરણ - 9
(C) પ્રકરણ - 10
(D) પ્રકરણ - 11 B

(69) 'epathshala' નામની શૈક્ષણિક સંસાધન એપલિકેશન કોના દ્વારા તૈયાર કરવામાં આવી છે ?

(A) NCTC
(B) NCERT
(C) GCERT
(D) સમગ્ર શિક્ષા ગુજરાત

(70) એક કદમ આગળ નામની પહેલ કઈ સંસ્થા દ્વારા કાર્યાન્વિત કરવામાં આવેલ છે ?

(A) સમગ્ર શિક્ષા ગુજરાત
(B) ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
(C) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ
(D) ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગર

(71) 'APAAR' એ શિક્ષણ મંત્રાલય ભારત સરકારની કઈ પહેલનો એક ભાગ છે ?

(A) એક ભારત શ્રેષ્ઠ ભારત
(B) સ્વચ્છ શાળા સ્વસ્થ ભારત
(C) એક ભારત એક વિદ્યાર્થી આઈડી
(D) એક રાષ્ટ્ર એક વિદ્યાર્થી આઈડી

(72) ગ્રાન્ટ ઇન એઇટ પ્રાથમિક શાળાઓમાં શિક્ષક ભરતી માટે એન.ઓ.સી. આપવાની કાર્યવાહી કોણ કરે છે ?

(A) જિલ્લા કલેક્ટર
(B) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
(C) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ
(D) જિલ્લા શિક્ષણાધિકારી

(73) નીચેના પૈકી કઈ પરીક્ષાનું આયોજન રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા કરવામાં આવતું નથી ?

(A) રાષ્ટ્રીય પ્રતિભા ખોજ પરીક્ષા
(B) C.E.T. પરીક્ષા
(C) N.M.M.S. પરીક્ષા
(D) પ્રખરતા શોધ કસોટી (પરીક્ષા)

(74) ગુજરાત સરકારે ગુણોત્સવ કાર્યક્રમ કયા વર્ષથી અમલમાં મુક્યો છે ?

(A) 2003
(B) 2007
(C) 2008
(D) 2009

(75) ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા કયું સામયિક પ્રકાશિત કરવામાં આવે છે ?

(A) જીવન શિક્ષણ (B) બાલસૃષ્ટિ

(C) શિક્ષણ અને પરિક્ષણ (D) પાઠ્યપુસ્તક શિક્ષણ

(76) કયા વર્ષથી સર્વ શિક્ષા અભિયાનનો અમલ દેશવ્યાપી અને સાર્વત્રિક રીતે થયો ?

(A) 2003 (B) 2002 (C) 2004 (D) 2001

(77) પ્રજ્ઞા અભિગમમાં બાળકોના નાનાં નાનાં જૂથ હોય છે. દરેક પ્રજ્ઞા વર્ગમાં આવા કેટલા જૂથ હોય છે ?

(A) સાત (B) પાંચ

(C) ચાર (D) ત્રણ

(78) નીચે પૈકી કયું લક્ષણ ઇનોવેટીવ શિક્ષકોનું લક્ષણ નથી ?

(A) પ્રશ્ન જુદી રીતે વિચારતો હોય (B) પ્રયોગશીલ હોય

(C) પરંપરાગત શિક્ષણ નિયમિત રીતે કરતો હોય (D) સમસ્યા નિરાકરણમાં વિશ્વાસ રાખતો હોય

(79) મધ્યાહ્ન ભોજન યોજના અંતર્ગત ધોરણ 6 થી 8 ના વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થીદીઠ કેટલું અનાજ આપવામાં આવે છે ?

(A) 50 ગ્રામ (B) 100 ગ્રામ

(C) 150 ગ્રામ (D) 200 ગ્રામ

(80) ટ્રિબ્યુનલનો દરેક નિર્ણય આખરી ગણાશે અને કોઈ પણ દીવાની કોર્ટમાં તેની સામે વાંધો ઉઠાવી શકાશે નહિ એવી જોગવાઈ કઈ કલમમાં કરવામાં આવી છે ? (ગુ.શૈ.સે. ટ્રિબ્યુનલ સંદર્ભે)

(A) કલમ - 19 (B) કલમ - 17

(C) કલમ - 15 (D) કલમ - 13

(81) ટ્રિબ્યુનલ સમક્ષની કાર્યવાહીઓ ન્યાયિક કાર્યવાહીઓ ગણાશે એવી જોગવાઈ કઈ કલમમાં કરવામાં આવી છે ? (ગુ.શૈ.સે. ટ્રિબ્યુનલ સંદર્ભે)

(A) કલમ - 12 (B) કલમ - 10

(C) કલમ - 15 (D) કલમ - 20

(82) વ્યવસ્થાપકથી મોકલાયેલી દરખાસ્ત અધિકારીને મળ્યા તારીખથી કેટલા દિવસની મુદતની અંદર પોતાનો નિર્ણય જણાવવો જોઈએ અને એવી મુદતની અંદર સદરહું અધિકારી વ્યવસ્થાપકને એવા નિર્ણયની જાણ ન કરે તો સદરહું ખંડ (ખ) હેઠળ લેવા ધારેલું પગલું સદરહું અધિકારીએ મંજુર કર્યું છે એમ ગણાશે. (ગુ.શૈ.સે. ટ્રિબ્યુનલ સંદર્ભે)

(A) 30 દિવસ (B) 15 દિવસ

(C) 45 દિવસ (D) 21 દિવસ

(83) ટ્રિબ્યુનલમાં જ્યુડીશીયલ મેમ્બર તરીકે ડિસ્ટ્રીક્ટ જજની નિયુક્તી કરવાની હોય છે, ડિસ્ટ્રીક્ટ જજ તરીકે કેટલા વર્ષનો અનુભવ જોઈએ છે ?

(A) બે
(B) ત્રણ
(C) પાંચ
(D) આઠ

(84) શિક્ષણ વિભાગ હસ્તકની વિવિધ ખાતાના વડાઓની કચેરી હસ્તકના વિવિધ ટ્રિબ્યુનલ્સ, ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ એક્ટના કયા સેકશનની જોગવાઈથી નાબુદ થયેલ છે ?

(A) 23
(B) 22 (1)
(C) 21
(D) 24 (1)

(85) ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ અધિનિયમ - 2006 નીચે પૈકી કઈ સંસ્થાને લાગૂ પડતો નથી ?

(A) માધ્યમિક શાળાઓ
(B) પ્રાથમિક શાળાઓ
(C) પૂર્વ પ્રાથમિક શાળા (બાલ મંદિર)
(D) યુનિવર્સિટી

(86) ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુલન 2006 હેઠળ સંબંધિત નિર્ણય અથવા હૂકમની તારીખથી કરેલી મુદત પૂર્ણ થયા બાદ ટ્રિબ્યુનલ પુનર્વિલોકન (રીવ્યુ) કરી શકશે નહિ ?

(A) 60 દિવસ
(B) એક વર્ષ
(C) બે વર્ષ
(D) છ મહિના

(87) ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ 2006 અનવયે આપેલા પૈકી શું સાચું છે ? યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો.

(1) ટ્રિબ્યુનલના સભ્યમાં પ્રમુખનો સમાવેશ થાય છે.

(2) ટ્રિબ્યુનલના સભ્યની મુદત પાંચ વર્ષની રહેશે પરંતુ બીજા પાંચ વર્ષ માટે ફેરનિમણૂકને પાત્ર રહેશે નહિ.

(3) રાજ્ય સરકાર, ટ્રિબ્યુનલના કોઈ સભ્યની નિમણૂંક મુદત પૂરી થતા પહેલા સમાપ્ત કરી શકશે.

(4) ટ્રિબ્યુનલના દરેક સભ્ય ફોજદારી અધિનિયમના અર્થ મુજબ રાજ્ય સેવક ગણાશે.

(A) ફક્ત (1), (3) અને (4)
(B) ફક્ત (1), (2) અને (4)
(C) ફક્ત (1), (2) અને (3)
(D) ફક્ત (2), (3) અને (4)

(88) ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ અધિનિયમ - 2006 અમલમાં આવતા મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ - 1947 ની કઈ કલમ રદ થઈ ?

(A) કલમ - 35
(B) કલમ - 37 (અ)
(C) કલમ - 39
(D) કલમ - 40 (છ)

(89) ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ અધિનિયમના સંદર્ભમાં નીચે પૈકી કયા વિધાનો સાચાં છે ?

(i) ટ્રિબ્યુનલ દિવાની કોર્ટમાં નિહિત થયેલી સત્તાઓ ધરાવે છે.

(ii) ટ્રિબ્યુનલ જરૂર જણાય તો રાજ્ય સરકારને નોટિસ આપી શકે છે.

(iii) ટ્રિબ્યુનલના તમામ સભ્યો ફોજદારી અધિનિયમ કલમ - 21 મુજબ રાજ્ય સેવકો ગણાય છે ?

(A) માત્ર (i)  (B) (i) અને (ii)

(C) (ii) અને (iii)  (D) (i), (ii) અને (iii) બધાજ

(90) સરકારી ફરજો બજાવતાં ખાસ કામગીરીને કારણે આવેલ માંદગી સબબ અશક્ત બનનાર કાયમી સરકારી કર્મચારીને કેટલા દિવસની મર્યાદામાં ખાસ અશક્તતા રજા મળી શકે ?

(A) 30 દિવસ  (B) 24 માસ

(C) 60 દિવસ  (D) 365 દિવસ

(91) રજાનો પ્રકાર બદલવાનો અધિકાર કોને પ્રાપ્ત થયેલ છે ?

(A) મુખ્ય શિક્ષકને  (B) ખાતાના વડાને

(C) અરજદાર કર્મચારીને  (D) કચેરીના વડાને

(92) એકજ કાર્યાલય અને જિલ્લામાં કેટલા દિવસો સુધી કોઈ કર્મચારી રજાના કારણે અને અનઉપસ્થિત હોય ત્યારે અન્ય કર્મચારી દ્વારા ફરજો બજાવવાની હોય છે ?

(A) 30  (B) 120

(C) 90  (D) 60

(93) કોઈ પણ કર્મચારીને એક કેલેન્ડર વર્ષમાં કેટલી વખત પ્રાપ્ત રજાઓ મળવાપાત્ર થાય છે ?

(A) બે  (B) ત્રણ

(C) ચાર  (D) પાંચ

(94) બિન જમા પાત્ર રજાઓ મેડિકલ પ્રમાણપત્ર વગર કેટલા દિવસો માટે મંજુર કરી શકાય ?

(A) 180  (B) 120  (C) 90  (D) 45

(95) ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો 2002 અનુસાર અભ્યાસ રજા કોણ મંજૂર કરી શકશે ?

(A) નાણાં વિભાગ

(B) કર્મચારીનો વહીવટી વિભાગ

(C) કર્મચારીનો વહીવટી વિભાગ, નાણાં વિભાગ સાથે પરામર્શન કરીને

(D) ખાતાના વડા

(96) ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો - 2002 ની જોગવાઈ મુજબ બિનજમા રજાની મર્યાદા સમગ્ર નોકરી દરમિયાન અધિકતમ કેટલા દિવસોની રહેશે ?

(A) 180 દિવસ (B) 240 દિવસ

(C) 360 દિવસ (D) 90 દિવસ

(97) સરકારી કર્મચારીની નોકરીનો રેકર્ડ રાખનાર સત્તાધિકારીએ કર્મચારીની રજાનો હિસાબ કયા નમૂનામાં રાખવાનો છે ?

(A) નમૂનો - 1 (B) નમૂનો - 2

(C) નમૂનો - 3 (D) નમૂનો - 4

(98) જો કોઈ મહિલા કર્મચારીને એક જીવિત બાળક હોય અને બીજી પ્રસૂતિમાં તે જોડિયા બાળકોને જન્મ આપે છે, તો તેને કેટલી પ્રસૂતિ રજા મળવાપાત્ર થાય ?

(A) 180 દિવસ (B) 360 દિવસ

(C) 270 દિવસ (D) રજા મળવા પાત્ર નથી.

(99) રૂા. 10,000 મૂળ પેન્શન મેળવતા પેન્શનરનું 85 વર્ષની ઉંમર પછી પેન્શન કેટલું થશે ?

(A) 10,000 (B) 12,000

(C) 13,000 (D) 14,000

(100) ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો 2002 ના નિયમ-34 ની જોગવાઈ મુજબ નોકરીમાં કેટલા સમયની તૂટ પેન્શનપાત્ર સેવા તરીકે ગણવામાં આવે છે ?

(A) છ માસ સુધીની (B) ત્રણ માસ સુધીની

(C) નવ માસ સુધીની (D) ચાર માસ સુધીની

(101) 01-01-2016 કે ત્યાર બાદ મૃત્યુ પામનાર સરકારી કર્મચારી / પેન્શનરના કિસ્સામાં મળવાપાત્ર કુટુંબ પેન્શનની ઓછામાં ઓછી કેટલી રકમ નિયત કરવામાં આવેલ છે ?

(A) રૂા. 3500 (B) રૂા. 7000

(C) રૂા. 6000 (D) રૂા. 9000

(102) ગુજરાત મુલ્કી સેવા નિયમો (પેન્શન) - 2002 ના નિયમ - 101 અંતર્ગત છેલ્લા સુધારા મુજબ પેન્શનના મૂડીકૃત રૂપાંતર કરાયેલા ભાગનું કેટલા વર્ષ બાદ પુનઃસ્થાપન કરવાની જગોવાઈ છે ?

(A) 10 વર્ષ (B) 13 વર્ષ

(C) 16 વર્ષ (D) 12 વર્ષ

(103) સરકારી કર્મચારીને નોકરીમાંથી પદચ્યુત કરવામાં આવે અથવા તેની ગેરવર્તણૂક કે નાદારીને કારણે નિવૃત્ત કરવામાં આવે ત્યારે પેન્શન બાબતે શું જોગવાઈ છે ?

(A) તેને કોઈ પણ પ્રકારનું પેન્શન મળવાપાત્ર નથી

(B) તેને વળતર પેન્શન મળવાપાત્ર થશે.

(C) રહેમિયત પેન્શન સિવાય કોઈ પેન્શન મળવાપાત્ર નથી.

(D) નિવૃત્તિ પેન્શન માટે પાત્ર બનશે.

(104) એકાવન વર્ષની ઉંમરે પહોંચેલ સરકારી કર્મચારી ચાલુ નોકરી દરમિયાન અવસાન પામે ત્યારે કેટલા વર્ષ સુધી તેના કુટુંબને 50 % ના દરે કુટુંબપેન્શન મળવાપાત્ર થાય ?

(A) કર્મચારી હયાત હોય અને ઉંમર 65 વર્ષ થાય ત્યાં સુધી

(B) કર્મચારીના મૃત્યુની તારીખથી સાત વર્ષ સુધી

(C) કર્મચારી હયાત હોય અને 60 વર્ષ ઉંમર થાય ત્યાં સુધી

(D) કર્મચારીના મૃત્યુની તારીખથી પાંચ વર્ષ સુધી

(105) સરકારશ્રી દ્વારા કોઈ પણ સેવા નોન પેશનેબલ ગણવા અંગે GCSR - 2002, પેન્શનના કયા નિયમમાં જોગવાઈ કરેલ છે ?

(A) 41 (B) 40

(C) 39 (D) 42

(106) પુનઃનિયુક્તી પામેલ કર્મચારીનું પગાર GCSR-2002, પેન્શનના કયા નિયમ આધારે નિર્ધારીત કરવામાં આવે છે ?

(A) 174 (B) 147

(C) 173 (D) 172

(107) દરેક કર્મચારીના વડાએ 1 ઑગસ્ટના રોજ ભવિષ્યમાં કેટલા મહિના પછી નિવૃત્ત થનાર કર્મચારીઓ / અધિકારીઓની યાદી બનાવવી જોઈએ ?

(A) 18 મહિના (B) 12 મહિના

(C) 24 મહિના (D) 06 મહિના

(108) પેન્શન પેપર્સ તૈયાર કરીને ડાયરેક્ટર પેન્શન અને પ્રોવિડેન્ટ ફંડને સંબંધિત કાર્યાલય દ્વારા કેટલી અવધિ પૂર્ણ મોકલવાના હોય છે ?

(A) 12 મહિના (B) 06 મહિના

(C) 10 મહિના (D) 24 મહિના

(109) નાણાં વિભાગના તા. 08-11-2024 ના ઠરાવ અન્વયે અધિકારીઓ / કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ આપવા બાબતે આપેલ વિધાન / વિધાનો પૈકી કયું / કયાં વિધાન સાચું / સાચાં છે ?

(i) તા. 01-04-2005 પહેલાં ફિક્સ પગારમાં જોડાયેલ હોય.

(ii) તા. 01-04-2005 પછી ફિક્સ પગારનો સમયગાળો પૂર્ણ કરી નિયમિત નિમણૂક પામેલા હોય.

(A) માત્ર (i)
(B) (i) અને (ii) બન્ને સાચાં છે.
(C) માત્ર (ii)
(D) બન્ને વિધાન ખોટાં છે.

(110) ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, 2002 અનુસાર કર્મચારીને કેટલા વર્ષની ક્વોલીફાઇંગ નોકરી બાદ અશક્તતા પેન્શન મળવા પાત્ર થાય ?

(A) 5 વર્ષ
(B) 10 વર્ષ
(C) 8 વર્ષ
(D)12 વર્ષ

(111) અમુક પરિસ્થિતિમાં રોજગારી, શિક્ષણ અને લોકશાહી, મેળવવાનો અધિકાર રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતની કઈ કલમ આ સૂચવે છે ?

(A) અનુચ્છેદ - 40
(B) અનુચ્છેદ - 45
(C) અનુચ્છેદ - 41
(D) અનુચ્છેદ - 39

(112) મૂળ બંધારણમાં શિક્ષણ એ રાજ્ય યાદીનો વિષય હતો પરંતુ કયા બંધારણીય સુધારા અંતર્ગત શિક્ષણના વિષયને સંયુક્ત યાદીમાં મુકવામાં આવેલ છે ?

(A) 42 મો બંધારણીય સુધારો 1976
(B) 44 મો બંધારણીય સુધારો 1978
(C) 86 મો બંધારણીય સુધારો 2002
(D) 72 મો બંધારણીય સુધારો 1996

(113) ભાષાકીય લઘુમતી જૂથના બાળકોને શિક્ષણની પ્રાથમિક કક્ષાએ તેમને માતૃભાષામાં શિક્ષણ આપવા માટે ખૂટતી સગવડો કરવા દરેક રાજ્ય અને રાજ્યોમાંની દરેક સ્થાનિક સત્તા મંડળ એ પ્રયત્ન કરવાના રહેશે. રાષ્ટ્રપતિ રાજ્યને અને સ્થાનિક સત્તામંડળોને જરૂર લાગે તેવા પગલાં લેવાનું કહેશે. રાજ્યનીતિના માર્ગદર્શન સિદ્ધાંતની કઈ કલમ આ સૂચવે છે ?

(A) અનુચ્છેદ : 350 (બી)
(B) અનુચ્છેદ : 350 (સી)
(C) અનુચ્છેદ : 350 (એ)
(D) અનુચ્છેદ : 350 (ડી)

(114) ભારતના સંવિધાનની કલમ 39 (6) અન્વયે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું છે ?

(i) બાળકોને સ્વસ્થ, સ્વતંત્ર અને ગૌરવભરી સ્થિતિમાં વિકસવાની તકો અને સગવડો આપવામાં આવે.

(ii) બાળકો તથા કિશોરોને શોષણ સામે તેમની નૈતિક અને આર્થિક ઉપેક્ષા સામે રક્ષણ મળે.

(A) માત્ર (i)
(B) (i) અને (ii) બન્ને સાચાં છે.
(C) માત્ર (ii)
(D) (i) અને (ii) બન્ને ખોટાં છે.

(115) ભારતના બંધારણ "6 થી 14 વર્ષના બાળકને શિક્ષણની તક પૂરી પાડવી તે વાલીની ફરજ છે." તેવો ઉલ્લેખ કયા અનુચ્છેદમાં કરવામાં આવ્યો છે ?

(A) 51 (A)
(B) 21 (A)
(C) 45
(D) 15

(116) ભારતના સંવિધાનની કઈ જોગવાઈ અંતર્ગત રાજ્યના નાણાંમાંથી પૂરેપૂરી નિભાવાતી શિક્ષણ સંસ્થામાં કોઈ પ્રકારનું ધાર્મિક શિક્ષણ આપી શકાશે નહિ.

(A) 28 (1)
(B) 28 (2)
(C) 29 (1)
(D) 29 (2)

(117) નીચે પૈકી કઈ બંધારણીય જોગવાઈ અન્વયે ધર્મ કે ભાષા આધારીત લઘુમતિ સંસ્થાઓ પોતાની પસંદગી મુજબની શિક્ષણ સંસ્થાઓ સ્થાપવાનો અને વહીવટ કરવાનો હક પ્રાપ્ત થયેલ છે ?

(A) અનુચ્છેદ - 30
(B) અનુચ્છેદ - 28
(C) અનુચ્છેદ - 31 - A
(D) અનુચ્છેદ - 39 - A

(118) "ઉચ્ચશિક્ષણ અથવા સંશોધન માટેનીસંસ્થાઓ અને વૈજ્ઞાનિક અન ટેક્નિકલ સંસ્થાઓમાં સંકલન અને ધોરણો નક્કી કરવા"ની બાબત બંધારણમાં કઈ યાદીમાં સમાવિષ્ટ છે ?

(A) સમવર્તી યાદી
(B) રાજ્ય યાદી
(C) સંઘ યાદી
(D) આઠમી અનુસૂચિ

(119) બંધારણમાં મજૂરોની વ્યવસાયિક તાલીમનો વિષય કઈ યાદીમાં સામેલ કરવામાં આવેલ છે ?

(A) સમવર્તી યાદી
(B) સંઘ યાદી
(C) રાજ્ય યાદી
(D) અનુસૂચિ - 7

(120) દર્શાવેલ વિકલ્પો પૈકી કયો વિકલ્પ ગુજરાત રાજ્ય માહિતીનો અધિકાર નિયમો - 2010 મુજબ સાચો નથી ?

(A) માહિતી મેળવવા માટે અરજી ફી ની રકમ રૂા. 20/- નિયત કરેલ છે.

(B) માહિતી A-4, A-3 સાઇઝના કાગળ પર હોય તો પાના દીઠ રૂા. 2/- ચાર્જ લેવાનો રહે છે.

(C) રેકર્ડની તપાસણી માટે કોઈ પણ ચાર્જ લેવાનો રહેતો નથી.

(D) માહિતી ફ્લોપી અથવા ડિસ્કમાં પૂરી પાડવાની થાય ત્યારે ડિસ્ક દીઠ રૂા. 50/- ચાર્જ લેવાનો રહે છે.

(121) RTI - 2005 ની કઈ કલમમાં શુદ્ધબુદ્ધિથી લીધેલા પગલાંને રક્ષણ આપવામાં આવેલ છે ?

(A) કલમ - 20
(B) કલમ - 19
(C) કલમ - 21
(D) કલમ - 22

(122) RTI હેઠળ માંગવામાં આવેલી માહિતી તબદીલ કરવાની થાય ત્યારે અરજી મળ્યાના કેટલા દિવસમાં નમૂના-ઘ માં તબદીલ કરવી જોઈશે ?

(A) સાત દિવસમાં
(B) પંદર દિવસમાં
(C) ત્રીસ દિવસમાં
(D) પાંચ દિવસમાં

(123) જાહેર માહિતી અધિકાર અધિનિયમ - 2005 ની કઈ કલમ હેઠળ માહિતી વિના મુલ્યે પૂરી પાડવાની જોગવાઈ કરવામાં આવેલ છે ?

(A) 7 (4)
(B) 7 (5)
(C) 7 (9)
(D) 7 (6)

(124) માહિતીપંચને અપીલનો નિર્ણય કરતી વખતે એવો અભિપ્રાય હોય કે જાહેર માહિતી અધિકારીએ નિર્દિષ્ટ સમયમાં માહિતી પૂરી પાડેલ નથી તો તે જાહેર માહિતી અધિકારીને દૈનિક ................ રૂપિયા લેખે વધુમાં વધુ ................ રૂપિયાનો દંડ ફરમાવી શકશે ?

(A) 250, 25,000
(B) 500, 250,000
(C) 1,000, 10,000
(D) 500, 50,000

(125) ઇ-મિડીયા મારફત અરજી કરતી વ્યક્તિઓ અરજીની તારીખથી કેટલા દિવસની અંદર ફી ભરવી જોઈશે ?

(A) 3 દિવસ
(B) 7 (સાત) દિવસ
(C) 10 દિવસ
(D) 15 દિવસ

(126) જ્યારે કોઈ પણ બાળક કોઈ કારણોસર પ્રાથમિક શિક્ષણ ન મેળવી શક્યો હોય ત્યારે તેની વય આધીન જે તે ધોરણમાં દાખલ કરી શકાય, આ જોગવાઈ કયા સેક્શનમાં સમાવિષ્ટ કરેલ છે ?

(A) 3
(B) 5
(C) 6
(D) 4

(127) RTE Act - 2009 ની જોગવાઈ પ્રમાણે એકેડેમિક કેલેન્ડર કયા સત્તાધીશ દ્વારા નિર્ધારીત કરવામાં આવે છે ?

(A) સમગ્રશિક્ષા
(B) GCERT
(C) લોકલ ઓથોરીટી
(D) નિયામક, પ્રાથમિક શિક્ષણ

(128) શાળાની માન્યતા યાદી ખેંચી લીધા બાદ પણ જો સંચાલક શાળા ચલાવતા હોય તે કિસ્સામાં સક્ષમ સત્તાધીશ કેટલા રૂપિયા સુધી દંડ કરી શકે છે ?

(A) રૂા. 1,00,000/-
(B) રૂા. 10,000/-
(C) રૂા. 5,000/-
(D) રૂા. 50,000/-

(129) RTE Act - 2009 અસ્તિત્વમાં આવ્યા બાદ કોઈ શિક્ષક લાયકાતના ધારા-ધોરણ પ્રમાણે લાયકાત ન ધરાવતા હોય તો તેને કેટલા સમયમાં લાયકાત મેળવી લેવી જોઈએ ?

(A) સાત વર્ષ
(B) બે વર્ષ
(C) પાંચ વર્ષ
(D) આઠ વર્ષ

(130) RTE-2009 મુજબ "નબળા વર્ગ"નું બાળકમાં કોનો સમાવેશ થાય છે ?

(A) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન જાતિનું બાળક

(B) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું બાળક

(C) લઘુત્તમ મર્યાદા કરતાં ઓછી આવક ધરાવતા વાલીનું બાળક

(D) વિચરતી અને વિમુક્ત જાતિનું બાળક

(131) નીચેના પૈકી કઈ શાળાનો સમાવેશ 'નિર્દિષ્ટ વર્ગ'ની શાળામાં થશે ?

(A) જવાહર નવોદય વિદ્યાલય

(B) જિલ્લા પંચાયત સંચાલિત શાળા

(C) અધિકૃત નગર પાલિકા સંચાલિત શાળા

(D) અનુદાનિત પ્રાથમિક શાળા

(132) શાળા વિકાસ યોજના તૈયાર કરવાની જવાબદારી કોની છે ?

(A) શાળાનો સમગ્ર સ્ટાફ

(B) શાળાના આચાર્ય

(C) સીઆરસી કો. ઓર્ડીનેટર અને શાળાના આચાર્ય

(D) શાળા વ્યવસ્થાપન સમિતિ

(133) શિક્ષણનો અધિકાર અધિનિયમ 2009 મુજબ બાળકોના હકને લગતી કોઈ ફરિયાદ સ્થાનિક સત્તા તંત્રને લેખિતમાંથી મળેથી કેટલી સમય મર્યાદામાં તે અંગે નિર્ણય લેવાનો રહેશે ?

(A) ત્રણ મહિનાની અંદર | (B) દોઢ મહિનાની અંદર

(C) એક મહિનાની અંદર | (D) 30 દિવસ સુધી

(134) સોનગઢ પ્રાથમિક શાળાના ધોરણ 6 થી 8 ના શિક્ષક ધોરણ 6 થી 8 માં તેમના દ્વારા ભણાવતા વિષયોનું અઠવાડિયાનું આયોજન કરતી વખતે બાળકોને શીખવવા માટેની તૈયારી અને શિખવવાના કુલ કેટલા કલાકનું આયોજન કરશે ?

(A) 1000 કલાક | (B) 28 કલાક

(C) 34.5 કલાક | (D) 45 કલાક

(135) પ્રાથમિક શાળાના એક શિક્ષક શાળામાં મોડા આવે છે અને વારંવાર શાળા સમય પહેલાં જતા રહે છે. તેમની સામે RTE - 2009 ની કઈ કલમ હેઠળ શિસ્ત વિષયક પગલાં લઈ શકાશે ?

(A) કલમ - 21 | (B) કલમ - 22

(C) કલમ - 23 | (D) કલમ - 24

(136) આર.ટી.ઈ. એક્ટ 2009 મુજબ ધો. 6 થી 8 માટે કામકાજ ના વાર્ષિક કેટલા દિવસ નક્કી થયેલા છે ?

(A) ઓછામાં ઓછા 180 દિવસ
(B) વધુમાં વધુ 250 દિવસ
(C) ઓછામાં ઓછા 220 દિવસ
(D) વધુમાં વધુ 200 દિવસ

(137) RTE Act 2009 ના કલમ – 28 મુજબ નીચેના પૈકી કઈ જોગવાઈ કરવામાં આવેલી છે ?

(A) શિક્ષકોના ખાનગી ટ્યુશન પર પ્રતિબંધ
(B) વિદ્યાર્થી – શિક્ષક ગુણોત્તર
(C) શિક્ષકોની ફરજો
(D) શાળા વિકાસ યોજના

(138) પ્રથમ ધોરણથી પાંચમાં ધોરણ માટે 120 થી 200 બાળકોએ કેટલા શિક્ષકો મળવાપાત્ર થશે ?

(A) ચાર
(B) પાંચ
(C) બે
(D) ત્રણ

(139) પ્રવેશ માટે લંબાવેલી મુદત શાળાના શૈક્ષણિક વર્ગના આરંભની તારીખથી કેટલા મહિનાની રહેશે ?

(A) છ મહિના
(B) ત્રણ મહિના
(C) બે મહિના
(D) ચાર મહિના

(140) "શાળામાં નજીકમાંથી તમામ બાળકોની પ્રવેશ-નોંધણી અને સત્તા હાજરી સુનિશ્ચિત કરવાની" કામગીરી કોના દ્વારા કરવાની રહે છે ?

(A) મુખ્ય શિક્ષક
(B) શિક્ષક
(C) જિલ્લા શિક્ષણ સમિતિ
(D) શાળા વ્યવસ્થાપન સમિતિ

(141) એક બહેન વર્ષ 2025 ની 10 મી જાન્યુઆરીના રોજ એપ્રિલ 2024 માં 6 વર્ષ પૂર્ણ કરેલ પોતાના બાળકને ધોરણ 1 માં પ્રથમવાર પ્રવેશ અપાવવા માટે શાળાના આચાર્યને અરજી કરે છે ત્યારે આચાર્ય RTE રૂલ્સ 2012 મુજબ કયો નિર્ણય લેશે ?

(A) બાળકને જૂન 2025 થી પ્રવેશ લેવા જણાવશે.

(B) પ્રવેશ મેળવવાની મુદત પૂર્ણ થયેલ હોવાથી પ્રવેશની ના પાડશે.

(C) બાળકને બાલ વાટિકામાં દાખલ કરવા સમજાવશે.

(D) બાળકને ધોરણ 1 માં પ્રવેશ આપી ખાસ તાલીમની મદદથી અભ્યાસને પૂર્ણ કરવા પાત્ર બનાવશે.

(142) RTE રૂલ્સ 2012 મુજબ નીચેના પૈકી કોણ નવી પ્રારંભિક શાળા ખોલવાની મંજૂરી આપી શકશે ?

(A) ગુજરાત પંચાયત અધિનિયમ 1993 અને મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ 1947 ની કલમ 3 (1) હેઠળ રચાયેલ જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ

(B) મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ 1947 ની કલમ 3 (2) હેઠળ રચાયેલ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ

(C) ગુજરાત નગરપાલિકા અધિનિયમ 1994 અને મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ 1947 ની કલમ 3 (2) હેઠળ રચાયેલ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ

(D) નિયામક અથવા આ અર્થે તેમણે અધિકૃત કરેલ અધિકારી

(143) RTE રૂલ્સ 2012 મુજબ સ્થાનિક સત્તા તંત્રએ બાળકનું રેકર્ડ નિભાવવાનું છે તેમાં નીચેના પૈકી કઈ બાબતોનો સમાવેશ થતો નથી ?

(A) સ્થળાંતર, છુટ્ટી છવાયેલ વસ્તી, ઉંમરને અનુરૂપ પ્રવેશ, અશક્તતાના કારણોસર ખાસ સુવિધા, રહેઠાણની સુવિધાની જરૂરિયાત વાળા બાળકોની વિગતો.

(B) શાળામાં પ્રવેશ મેળવ્યા બાદ પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરે ત્યાં સુધીના બાળકના પરિણામની વિગત

(C) બાળકનું હાલનું સરનામું

(D) બાળકનું નામ, લિંગ, જન્મ, તારીખ, જન્મના પ્રમાણપત્રના નંબર સહિતની જન્મ તારીખ, જન્મ સ્થળ

(144) આદર્શ વિદ્યાલયની શાળાના આચાર્યશ્રી 'DISE' ફોર્મ ભરવાની ના પાડી રહ્યા છે ત્યારે તે RTE રૂલ્સ 2012 ના કયા નિયમનો ભંગ કરી રહ્યા છે ?

(A) નિયમ - 12 (2) (ક)
(B) નિયમ - 14 (1) (ખ)
(C) નિયમ - 13 (1) (ઝ)
(D) નિયમ - 16 (3) (ઘ)

(145) RTE રૂલ્સ 2012 મુજબ અભ્યાસક્રમ અને મૂલ્યાંકન પદ્ધતિ નક્કી કરતી વખતે GCERT એ નીચેના પૈકી કઈ બાબતોને વિચારણામાં લેવી જોઈએ નહીં ?

(A) સંવિધાનમાં જણાવેલ મૂલ્યોની સમીક્ષા

(B) ડર, માનસિક આઘાત, ચિંતા ઉપજાવે તેવું મૂલ્યાંકન ન કરવું

(C) વિદ્યાર્થીનું વજન, ઊંચાઈ આધારિત બાબતોનો મૂલ્યાંકનમાં સમાવેશ કરવો.

(D) શારીરિક અને માનસિક ક્ષમતાઓના વિકાસનું પૂર્ણ પણે મૂલ્યાંકન કરવું.

(146) RTE - 2012 ના કયા નિયમ અનુસાર શિક્ષકોએ વિદ્યાર્થી પ્રગતિ રેકર્ડ ધરાવતી ફાઈલ નિભાવવી જોઈએ ?

(A) નિયમ - 20
(B) નિયમ - 21
(C) નિયમ - 19
(D) નિયમ - 18

(147) RTE - 2012 ના કયા નિયમ હેઠળ GCERT પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન માટેની માર્ગદર્શિકા બહાર પાડી શકશે ?

(A) નિયમ - 26
(B) નિયમ - 25
(C) નિયમ - 24
(D) નિયમ - 23

(148) RTE નિયમો - 2012 મુજબ CRCS અને BRCS ની કામગીરીનું નિયમિત મૂલ્યાંકન કરવા માટેનું તંત્ર કોણે ઊભું કરવાની જવાબદારી આપેલી છે ?

(A) સમગ્ર શિક્ષા
(B) વિદ્યા સમીક્ષા કેન્દ્ર
(C) GCERT
(D) પ્રાથમિક નિયામક કચેરી

(149) NEP - 2020 માં અધ્યનનો પાયો કોને ગણ્યો છે ?

(A) વ્યાવસાયિક શિક્ષણ (B) બહુભાષિતા

(C) પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણ (ECCE) (D) મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન

(150) NEP - 2020 માં કયા ધોરણ સુધીમાં તમામ બાળકોને મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન પ્રાપ્ત થાય તે બાબતને સર્વાધિક પ્રાથમિકતા આપવાની ભલામણ થઈ છે ?

(A) બાલવાટિકા - 3 (B) ધોરણ - 1 (C) ધોરણ - 2 (D) ધોરણ - 3

(151) CPD નું પૂરું નામ જણાવો ?

(A) Continuing Professional Development

(B) Continuous Professional Department

(C) Continuous Professional Development

(D) Continuous Process for Development

(152) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 2020 ની ભલામણ મુજબ (બહુભાષિતા Multilingualism) ને પ્રત્સાહન આપતો ભારત સરકારનો કાર્યક્રમ ?

(A) એક ભારત શ્રેષ્ઠ ભારત (B) ભાષા એક ભાવ અનેક

(C) ભાષાઓના માધ્યમથી એકતા (D) ઉપરોક્ત તમામ

(153) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 2020 હેઠળ વ્યવસાયિક શિક્ષણ માટેનો અભિગમ શું છે ?

(A) મુખ્ય પ્રવાહના શિક્ષણ સાથે જોડવું (B) સૈદ્ધાંતિક જ્ઞાન પર ભાર

(C) વ્યવહારિક કુશળતા પર ભાર (D) ઉપરોક્ત તમામ

(154) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 2020 નો મુખ્ય ઉદ્દેશ્ય શું છે ?

(A) વ્યવસાયિક તાલીમ પર ધ્યાન કેન્દ્રિત કરવું

(B) શિક્ષણમાં સમાવેશન અને સમાનતાને પ્રોત્સાહન આપવું

(C) ભારતમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે

(D) ઉપરોક્ત તમામ

(155) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 2020 અંતર્ગત ક્યાં સુધીમાં એક એવી શિક્ષણ પ્રણાલીનું નિર્માણ કરવાનું લક્ષ્ય હોવું જોઈએ કે જે વિશ્વની અન્ય કોઈ પણ શિક્ષણ વ્યવસ્થાથી પાછળ ન હોય અને તે ધ્યેય સિદ્ધિ માટે એક એવી વ્યવસ્થાનું નિર્માણ કરીએ જેમાં કોઈ પણ સામાજિક અને આર્થિક પરિવેશમાંથી આવતા વિદ્યાર્થીઓને સમાન રૂપે સર્વોચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ ઉપલબ્ધ હોય ?

(A) વર્ષ - 2026 (B) વર્ષ - 2035 (C) વર્ષ - 2030 (D) વર્ષ - 2040

(156) શાળાના જુદા જુદા બોર્ડ વચ્ચે પરસ્પર સહયોગને પ્રોત્સાહન મળે, જુદા જુદા બોર્ડ એક બીજાની શ્રેષ્ઠ પ્રવૃત્તિઓ અને પ્રક્રિયાઓને જાણે તથા બધા જ બોર્ડના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનું સ્તર સમાન રહે તે માટે રાષ્ટ્રીય મૂલ્યાંકન કેન્દ્ર એક માધ્યમ બની રહેશે.

(A) NCFSE (B) NIEPA (C) NCERT (D) PARAKH

(157) ધોરણ 6, 7, 8 દરમિયાન 10 દિવસના દફતર વગરના તાસ (Bagless Period)માં વિદ્યાર્થીઓ શું કરશે ?

(A) સુથાર, માળી, કુંભાર, કલાકારો પાસે તાલીમ મેળવશે.

(B) નવરાત્રિ વેકેશન માણશે.

(C) પ્રવાસ, પર્યટન પર જશે.

(D) ઉપરમાંથી એક પણ નહિ

(158) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 2020 માં દરેક શાળામાં વિદ્યાર્થી - શિક્ષક ગુણોત્તર કેટલો હોય તેવી વ્યવસ્થા કરવામાં આવશે?

(A) 35 : 01 (B) 25 : 01 (C) 30 : 01 (D) 40 : 01

(159) સમગ્ર દેશમાં ડાયેટસ (DIETS)ની સ્થાપના કોની ભલામણોને ધ્યાનમાં લઈ કરવામાં આવેલ હતી ?

(A) નેશનલ પોલીસી ઓન એજ્યુકેશન - 1986

(B) સેકન્ડરી એજ્યુકેશન કમીશન - 1952 - 53

(C) યુનિવર્સિટી એજ્યુકેશન કમીશન - 1948 - 49

(D) એજ્યુકેશન કમીશન - 1964 - 66

(160) Indian sign Language (ISL) ને કયા એક્ટ / નીતિમાં સમગ્ર દેશના અભ્યાસક્રમમાં સમાવવાની વાત કરવામાં આવી ?

(A) નેશનલ પોલીસી ઓન એજ્યુકેશન - 1986

(B) રાઇટ ઑફ પર્સનલ વીથ ડીમએબી લીટીસ એક્ટ - 2016

(C) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 2020

(D) પર્સનસ વીથ ડીસએબીલીટીસ એક્ટ - 1995

(161) NEP : 2020 માં કેટલા મૂળભૂત સિદ્ધાંતો (fundamental Principles) ની વાત કરવામાં આવી છે ?

(A) 5 (B) 11 (C) 22 (D) 20

(162) G.C.C., NTSE, NMMS પરીક્ષાઓનું આયોજન કોણ કરે છે ?

(A) GCERT

(B) DIET

(C) માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ

(D) રાજ્ય પરીક્ષા બોર્ડ

(163) જ્ઞાનશક્તિ રેસિડેન્સિયલ સ્કૂલ્સ, જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસીડેન્સિયલ સ્કૂલ્સ, રક્ષાશક્તિ સ્કૂલ્સ તેમજ મુખ્યમંત્રીશ્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના માટે કોમન એન્ટ્રન્સ ટેસ્ટમાં કયા ધોરણના બાળકો બેસી શકશે?

(A) સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં ધોરણ 1 થી 7 નો અભ્યાસક્રમ પૂર્ણ કરનાર.

(B) સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં ધોરણ 1 થી 6 નો અભ્યાસક્રમ પૂર્ણ કરનાર.

(C) સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં ધોરણ 1 થી 5 નો અભ્યાસક્રમ પૂર્ણ કરનાર.

(D) સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં ધોરણ 1 થી 8 નો અભ્યાસક્રમ પૂર્ણ કરનાર.

(164) વિદ્યા સમીક્ષા કેન્દ્રનું આદર્શ વાક્ય કયું છે ?

(A) સત્યમેવ જયતે
(B) પ્રજ્વાલિતો જ્ઞાનમય : પ્રદીપ :
(C) સા વિદ્યા યા વિમુક્તે
(D) તમસો મા જ્યોતિર્ગમય

(165) મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજનાના અમલીકરણ અધિકારી તરીકે કોણ રહેશે ?

(A) અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ
(B) નિયામકશ્રી, શાળાઓ
(C) નિયામકશ્રી, જીસીઈઆરટી
(D) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી

(166) KGBV શાળા યોજના એવા તાલુકામાં લાગુ પાડવામાં આવે છે જ્યાં...

(A) કન્યા શિક્ષણ માટે શાળાઓ ન હોય.

(B) તાલુકામાં કન્યા શિક્ષણનો દર નીચો હોય.

(C) સ્ત્રી સાક્ષરતાદર, રાષ્ટ્રના સરેરાશ સ્ત્રી સાક્ષરતા દર કરતા નીચો હોય.

(D) કન્યાની સંખ્યા ખૂબ જ વધારે હોય.

(167) મધ્યાહન ભોજન યોજના હવે કયા નામે જાણીતી છે ?

(A) પ્રધાનમંત્રી પોષણયુક્ત આહાર યોજના
(B) પ્રધાનમંત્રી પોષણ યોજના
(C) પ્રધાનમંત્રી પોષણ નિર્માણ
(D) પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ

(168) પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ (PM POSHAN) કાર્યક્રમ અંતર્ગત પ્રાથમિક તેમજ ઉચ્ચતર પ્રાથમિક શાળાના બાળકો માટે કેલરીનું કયું ધોરણ સ્વીકારવામાં આવ્યું છે ?

(A) પ્રાથમિકના વિદ્યાર્થીઓ માટે 450 કેલરી અને ઉચ્ચતર પ્રાથમિકના વિદ્યાર્થીઓ માટે 700 કેલરી

(B) પ્રાથમિકના વિદ્યાર્થીઓ માટે 500 કેલરી અને ઉચ્ચતર પ્રાથમિકના વિદ્યાર્થીઓ માટે 800 કેલરી

(C) પ્રાથમિકના વિદ્યાર્થીઓ માટે 600 કેલરી અને ઉચ્ચતર પ્રાથમિકના વિદ્યાર્થીઓ માટે 900 કેલરી

(D) પ્રાથમિકના વિદ્યાર્થીઓ માટે 700 કેલરી અને ઉચ્ચતર પ્રાથમિકના વિદ્યાર્થીઓ માટે 1000 કેલરી

(169) ભારત સરકારના શિક્ષા મંત્રાલયના શિક્ષણ વિભાગ દ્વારા TOFEI કાર્યક્રમ શરૂ કરેલ છે. તે શું છે ?

(A) Test of English as a foreign language
(B) Tobacco free Educational Institutions
(C) Test of Foreign Educational Institutions
(D) Tobacco free Energy of India

(170) "પરીક્ષા પે ચર્ચા" કાર્યક્રમમાં કયા ધોરણના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે ?

(A) ધોરણ 6 થી 12 (B) ધોરણ 9 થી 12 (C) ધોરણ 1 થી 12 (D) ધોરણ 6 થી 8

(171) ભારત સરકારના શિક્ષા મંત્રાલયના શિક્ષણ વિભાગ દ્વારા "વીર બાલ" દિવસની ઊજવણી ક્યારે કરવામાં આવી હતી ?

(A) 26 જાન્યુઆરી, 2025 (B) 15 ઑગસ્ટ, 2024

(C) 26 ડિસેમ્બર, 2024 (D) 11 ડિસેમ્બર, 2024

(172) જોડકાં જોડો.

| | (અ) | | (બ) |
|---|---|---|---|
| (I) | કોઠારી પંચ | a | માધ્યમિક શિક્ષણ પંચ |
| (II) | મુદ્‌લિયાર પંચ | b | યુનિવર્સિટી શિક્ષણ પંચ |
| (III) | રાધાકૃષ્ણન પંચ | c | રાષ્ટ્રીય શિક્ષણ પંચ |

(A) (I - b), (II - a), (III - c) (B) (I - a), (II - b), (III - C)

(C) (I - c), (II - a), (III - b) (D) (I - b), (II - c), (III - a)

(173) "ત્રિ ભાષાસૂત્ર" કયા પંચની ભલામણ હતી ?

(A) ડૉ. રાધાકૃષ્ણ પંચ (B) વર્ધા શિક્ષણ સમિતિ

(C) માધ્યમિક શિક્ષણ પંચ (D) રાષ્ટ્રીય શિક્ષણ પંચ

(174) "અખિલ ભારતીય ખેલકૂદ પરિષદ" ની સ્થાપના કયા પંચની ભલામણનું અમલીકરણ હતું ?

(A) ડૉ. રાધાકૃષ્ણન પંચ (B) માધ્યમિક શિક્ષણ પંચ

(C) યુનિવર્સિટી શિક્ષણ પંચ (D) રાષ્ટ્રીય શિક્ષણ પંચ

(175) "ભારવિનાનું ભણતર" સંદર્ભની ભલામણો કયા કમિશન / કમિટી દ્વારા કરવામાં આવી હતી ?

(A) કોઠારી કમિશન (B) આચાર્ય રામમૂર્તિ સમિતિ

(C) યશપાલ સમિતિ (D) રાધાકૃષ્ણન્ કમિશન

(176) જિલ્લા પર શિક્ષણ નિરીક્ષણ માટે જિલ્લા શિક્ષણ અધિકારી હોવા જોઈએ એમ કોણે ભલામણ કરી ?

(A) ગ્રાન્ટીન એડમાં (B) વુડના ખરીતા

(C) સહાયક અનુદાનમાં (D) મુદ્દાલિયાર કમિશન

(177) પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષામાં ઉમેદવારના વાલીની આવક મર્યાદા શું છે ?

(A) 1,50,000 થી ઓછી (B) 2,50,000 થી ઓછી

(C) 3,50,000 થી ઓછી (D) આવક મર્યાદા લાગુ પડતી નથી.

(178) 'ઉલ્લાસ મેળા' - નવભારત સાક્ષરતા કાર્યક્રમનું આયોજન ક્યારે થયેલ હતું ?

(A) 6 અને 7 ફેબ્રુઆરી, 2024 (B) 15 અને 16 માર્ચ, 2024

(C) 6 અને 7 ડિસેમ્બર, 2024 (D) 15 અને 16 એપ્રિલ, 2024

(179) MOE દ્વારા શરૂ કરવામાં આવેલ કાર્યક્રમ "વિદ્યાજલિ"નો મુખ્ય હેતુ શું છે ?

(A) શાળામાં અભ્યાસ કરતા 6 થી 14 વર્ષના બાળકોને નાણાકિય સહાય

(B) શાળામાં સમુદાય અને સ્વૈચ્છિક ભાગીદારીને પ્રોત્સાહન

(C) શાળાના બાળકો માટે રોજગારીની તકો વિકસાવવી

(D) શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને નાણાકિય સહાય

(180) નિપુણ ભારત" અંતર્ગત કયા વર્ષ સુધીમાં ધોરણ - 3 સુધીના બાળકો વાચન, લેખન, ગણનમાં શીખવાની જરૂરી ક્ષમતા પ્રાપ્ત કરી શકે તે માટેના સહાયક વાતાવરણના નિર્માણની વાત કરવામાં આવેલ છે ?

(A) વર્ષ 2025 - 26 (B) વર્ષ 2026 - 27

(C) વર્ષ 2027 - 28 (D) વર્ષ 2029 - 30

(181) વિદ્યાર્થીઓના વયવર્ગ અનુરૂપ Learning Outcomes (અધ્યયન નિષ્પત્તિઓ) સિદ્ધ કરવા પર કયો કાર્યક્રમ ભાર મૂકે છે ?

(A) પ્રજ્ઞા (B) ગુણોત્સવ 2.0

(C) શાળા પ્રવેશોત્સવ (D) કન્યા કેળવણી મહોત્સવ

(182) "પ્રેરણા ઉત્સવ" કાર્યક્રમમાં કયા ધોરણના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે ?

(A) ધોરણ 6 થી 8 (B) ધોરણ 9 થી 12

(C) ધોરણ 1 થી 8 (D) ધોરણ 1 થી 12

(183) "નમો લક્ષ્મી યોજના"માં શાળાએ જતી દીકરીઓને કુલ કેટલી આર્થિક સહાય આપવામાં આવે છે ?

(A) રૂા. 15,000 (B) રૂા. 50,000

(C) રૂા. 20,000 (D) રૂા. 5,000

(184) પ્રાથમિક શિક્ષણ અને શિક્ષકોને લગતી કામગીરી શિક્ષણ વિભાગની કઈ શાખા કાર્ય કરે છે ?

(A) અ - શાખા (B) ન - શાખા (C) ક - શાખા (D) ૨ - શાખા

(185) 'ભારતીય જ્ઞાન પ્રણાલિ' NCF-SE ના કયા ભાગનો મુદ્દો ગણાશે ?

(A) શાળાકીય વિષયો (B) શાળા સંસ્કૃતિ

(C) ક્રોસ-કટિંગ થીમ્સ (D) શાળા પ્રક્રિયા

(186) ટીચર કોડ કેટલા અંકનો હોય છે ?

(A) 16 (B) 9 (C) 8 (D) 18

(187) "નમો સરસ્વતી વિજ્ઞાન સાધના" યોજના અંતર્ગત કયા પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવે છે ?

(A) સામાન્ય પ્રવાહ (B) વિજ્ઞાનપ્રવાહ

(C) વ્યવસાયિક પ્રવાહ (D) વિનયન પ્રવાહ

(188) સમગ્રશિક્ષામાં નીચેના પૈકી શું સંકલિત કરવામાં આવ્યું ?

(I) સર્વ શિક્ષા અભિયાન

(II) રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન

(III) શિક્ષક-પ્રશિક્ષણ

(A) I અને II (B) II અને III (C) I, II અને III (D) I અને III

(189) NEP : 2020 માં શેના પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે ?

(A) સમગ્ર વિશ્વમાં શ્રેષ્ઠ તેવું ભૌતિક માળખુ તૈયાર કરવું.

(B) 100% રોજગારી પૂરી પાડવી

(C) મફત શિક્ષણ પૂરું પાડવું

(D) વ્યક્તિની રચનાત્મક ક્ષમતાઓનો વિકાસ કરવો.

(190) શિક્ષકો અને વિદ્યાસહાયકોની ફરિયાદ નિવારણ માટેનું પ્રથમ સ્તર RTE રૂલાસ 2012 મુજબ નીચેના પૈકી કયું છે ?

(A) જિલ્લા શિક્ષણ સમિતિ (B) રાજ્ય ફરિયાદ નિવારણ સમિતિ

(C) જિલ્લા ટ્રિબ્યુનલ (D) શાળા વ્યવસ્થાપન સમિતિ

(191) માન્યતા યાદી એંચી લેવા બાબત, શાળાએ કરેલા સ્પષ્ટીકરણ સન્દર્ભમાં શાળાનું નિરીક્ષણ સંમિતિ દ્વારા કરાવવાનું રેહશે, આ સમિતિમાં મહત્તમ કેટલા સભ્યો હોય છે ?

(A) 5 (B) 7 (C) 3 (D) 8

(192) RTE - 2009 ની કલમ - 14 હેઠળ બાળકોના પ્રવેશની કઈ જોગવાઈ કરવામાં આવેલ છે ?

(A) બાળકને શારીરિક શિક્ષા પર પ્રતિબંધ

(B) બાળકને પ્રવેશ માટે ના પાડી શકાય નહીં.

(C) પ્રવેશ માટે માથાદીઠ ફી

(D) ઉંમરની સાબિતીના અભાવે પ્રવેશનો ઈનકાર કરી શકાય નહીં.

(193) અપીલ અધિકારીએ તેમની સમક્ષ થયેલ અપીલનો ખાસ સંજોગોમાં કેટલા દિવસોમાં નિકાલ કરવો ? (આરટીઆઈ)

(A) 45 દિવસ (B) 30 દિવસ (C) 60 દિવસ (D) 90 દિવસ

(194) ભારતીય બંધારણનો કયો અનુચ્છેદ ચૌદ વર્ષથી નીચેની વયના બાળકોને નોકરીએ રાખવા પર પ્રતિબંધ ફરમાવે છે ?

(A) અનુચ્છેદ - 25
(B) અનુચ્છેદ - 20
(C) અનુચ્છેદ - 24
(D) અનુચ્છેદ - 22 (1)

(195) પેન્શનપાત્ર પગાર એટલે સરકારી કર્મચારીએ ...................... સેવા દરમિયાન ઉપાર્જિત કરેલો સરેરાશ પગાર.

(A) છેલ્લા બાર માસની
(B) છેલ્લા દસ માસની
(C) છેલ્લા છ માસની
(D) છેલ્લા એક માસની

(196) ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો - 2002 અનુસંધાને શું સાચું નથી ?

(A) રજા એ સરકારી કર્મચારીને ફરજ પરથી ગેરહાજર રહેવા સક્ષમ સત્તાધિકારીની વિવેકબુદ્ધિ હેઠળ આપવામાં આવેલી પરવાનગી છે.

(B) રજાની માંગણી હક તરીકે કરી શકાશે નહિ

(C) જાહેર સેવા માટે આવશ્યક જણાય તો સક્ષમ સત્તાધિકારી રજા નકારી શકે અથવા રદ કરી શકે

(D) કર્મચારીની લેખિત વિનંતી સિવાય માંગેલી રજાનો પ્રકાર ફેરવવાની સક્ષમ સત્તાધિકારીને છુટ છે.

(197) ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ અધિનિયમ - 2006 ની જોગવાઈ મુજબ ટ્રિબ્યુનલ, પ્રમુખ ઉપરાંત બીજા કેટલા સભ્યોની બનશે ?

(A) ઓછામાં ઓછા પાંચ
(B) બે કે તેથી વધુ
(C) વધુમાં વધુ ત્રણ
(D) રાજ્ય સરકાર નીમે તેટલી સંખ્યાના

(198) પ્રથમા, મધ્યમા, શાસ્ત્રી અને આચાર્ય જેવી સંસ્કૃત પાઠશાળા પરીક્ષાઓ કોણ લે છે ?

(A) સંસ્કૃત યુનિવર્સિટી
(B) માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડ
(C) રાજ્ય પરીક્ષા બોર્ડ
(D) GCERT

(199) મદદનીશ શિક્ષણનિરીક્ષક દ્વારા પ્રવાસ કરતી વખતે કઈ સમિતિની મુલાકાત લઈ પ્રાથમિક શિક્ષણના વિસ્તરણની જરૂરીયાત માટે ચર્ચા કરવાની રહે છે ?

(A) ગ્રામ શાળા સમિતિ
(B) ગ્રામશિક્ષણ સમિતિ
(C) તાલુકા શાળા સમિતિ
(D) શિક્ષક - વાલી એસોસીએશન

(200) જિલ્લા સ્કૂલ બોર્ડની સત્તા ફરજો અને કાર્યો કરવા પ્રકરણ (સેકશન) અંતર્ગત આવે છે ?

(A) પ્રકરણ (સેકશન) 38
(B) પ્રકરણ (સેકશન) 13
(C) પ્રકરણ (સેકશન) 17
(D) પ્રકરણ (સેકશન) 18

◆◆◆

# રફ કામ માટેનું પેઈજ

SET-A

## રફ કામ માટેનું પેઈજ

પરીક્ષા પૂરી થયાબાદ **OMR** શીટ ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલા લઈ પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.